ધારાસભ્ય ચૈતર વસાવાએ વન કર્મચારીઓને ઘરે બોલાવીને તેમની સાથે મારામારી કરી હતી

ચૈતર વસાવાને ૭ વર્ષની જેલની સજા: ધારાસભ્ય પદ જોખમમાં

હવે વસાવા પાસે હાઇકોર્ટમાંથી સજા પર સ્ટે મેળવવાનો એકમાત્ર વિકલ્પ બચ્યો

(પ્રતિનિધિ) રાજપીપળા,સાગબારા, તા.23
નર્મદા જિલ્લાના દેડિયાપાડા વિસ્તારમાં વન વિભાગની જમીન સંબંધિત વર્ષો જૂના કેસમાં આજે રાજપીપળા સેશન્સ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમની પત્ની સહિત કુલ 9 આરોપીઓને દોષિત ઠેરવીને ચૈતર વસાવાને 7 વર્ષની જેલની સજા ફટકારી છે. આ વિવાદ નવેમ્બર 2023માં નોંધાયેલી સત્તાવાર પોલીસ ફરિયાદ સાથે જોડાયેલો છે. ફરિયાદ અનુસાર, વન વિભાગના કર્મચારીઓએ દેડિયાપાડા વિસ્તારમાં સરકારી જમીન પરથી ગેરકાયદે વાવેતર દૂર કર્યું હતું. આ બાબતની અદાવત રાખીને ધારાસભ્ય ચૈતર વસાવાએ વન કર્મચારીઓને ઘરે બોલાવીને તેમની સાથે મારામારી કરી હતી, હવામાં ફાયરિંગ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને સરકારી ફરજ કરતાં અટકાવ્યા હતા. બીજા દિવસે ધારાસભ્યના પીએ અને અન્ય ઈસમોએ વન કર્મચારીઓ પાસે 60,000 રૂપિયાની ખંડણી માંગી હતી. પીડિત કર્મચારીએ એટીએમમાંથી પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટ્રાન્ઝેક્શન નિષ્ફળ જતાં ઉપરી અધિકારીએ ઓનલાઈન 30-30 હજાર ટ્રાન્સફર કર્યા હતા. આ રકમ જે વ્યક્તિની જમીન પર ગેરકાયદેસર વાવેતર હતું ત્યાંથી જ મળી આવી હતી. ભારતીય બંધારણ અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ અનુસાર, જો કોઈ સાંસદ કે ધારાસભ્યને 2 વર્ષ કે તેથી વધુની જેલની સજા થાય તો તેમનું સભ્યપદ તાત્કાલિક અસરથી રદ થઈ જાય છે. ચૈતર વસાવાને 7 વર્ષની સજા થઈ હોવાથી તેમનું ધારાસભ્ય પદ હવે રદ થવાના આરે છે. હવે વસાવા પાસે હાઇકોર્ટમાંથી સજા પર સ્ટે મેળવવાનો એકમાત્ર વિકલ્પ બચ્યો છે. સરકારી વકીલ વંદના ભટ્ટે જણાવ્યું કે, કોર્ટે તમામ 9 આરોપીઓને દોષિત ઠેરવ્યા છે. જેમાં 5 પુરુષ અને 4 મહિલા આરોપીઓનો સમાવેશ થાય છે. એક મહિલા ગર્ભવતી છે જ્યારે બીજી નવજાત બાળકની માતા છે. તમામ આરોપીઓને રાજપીપળા જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. નવજાત બાળકની માતાએ બાળકને સાથે રાખવાની મંજૂરી માંગી છે.

વડોદરા જિલ્લામા જમીન દફતરની સેવાઓ હવે તાલુકા કક્ષાએ ઉપલબ્ધ થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
જમીન દફતર ખાતાની જિલ્લા કક્ષાએ જિલ્લા નિરીક્ષક જમીન દફતર, વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓની કામગીરી તાલુકા કક્ષાએ લઈ જવાથી વહીવટી તંત્ર સુદ્રઢ અને મજબૂત બને તેમજ તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ તથા તાલુકા કક્ષાએ ઉદભવતા પ્રશ્નોનું આયોજનબધ્ધ ઝડપથી નિરાકરણ થાય તથા પ્રજાને કામગીરી માટે જિલ્લા કક્ષાએ જવાના બદલે તેઓના રહેઠાણથી નજીક તાલુકા કક્ષાએ ત્વરિત સેવા મળી શકે તે હેતુથી જિલ્લા નિરીક્ષક જમીન દફતર, વર્ગ-૨ (District Inspector of Land Records) સંવર્ગ અને તે સંવર્ગ હેઠળની તમામ જગ્યાઓનું તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ કરીને જમીન દફતર, વર્ગ-૨ સંવર્ગના નામાભિધાનમાં સુધારો કરવામાં આવેલ છે.

જગદીશ વિશ્વકર્માએ મધ્ય ઝોનના સંગઠનને વેગ આપવા નવી ટીમ જાહેર કરી

ભાજપ હાઈકમાન્ડ દ્વારા વડોદરા શહેરના બાકી હોદ્દેદારોના નામો પર આખરી મહોર

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાંની સાથે જ ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને વધુ મજબૂત કરવાના ભાગરૂપે બાકી રહેલા હોદ્દેદારોના નામોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ મોવડી મંડળ દ્વારા પરસ્પર વિચાર-વિમર્શ અને ચર્ચા કર્યા બાદ વડોદરા મહાનગર માટેના નવનિયુક્ત પદાધિકારીઓ, વિવિધ મોરચાના હોદ્દેદારો તેમજ મંડળ અને વોર્ડ પ્રમુખોની મહત્વની નિમણૂકો જાહેર કરવામાં આવી છે. લાંબા સમયથી જે નામોની રાહ જોવાઈ રહી હતી તે આખરી યાદી સત્તાવાર રીતે પ્રસિદ્ધ થતાં કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.
આ સત્તાવાર યાદી અનુસાર વડોદરા શહેરના સંગઠન માળખામાં સંતુલન

જાળવીને વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે. જેમાં શહેર ઉપપ્રમુખ તરીકે હીરાભાઈ કિશનચંદ કાંજવાણી અને હિતેશભાઈ ભટ્ટની વર્ણી કરવામાં આવી છે. આ ઉપરાંત સંગઠનને વેગ આપવા માટે શહેર મંત્રી તરીકે બે મહિલા આગેવાનો વિલાસબેન ડાભી તેમજ ઉમીષાબેન ભૌમિક વસાવાને મહત્વની જવાબદારી સોંપાઈ છે.
મહિલા શક્તિ અને પછાત વર્ગના પ્રતિનિધિત્વને પણ સંગઠનમાં વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. જે અંતર્ગત મહિલા મોરચાના શહેર મહામંત્રી તરીકે સ્નેહા મૃણાલ ભટ્ટની પસંદગી કરવામાં આવી છે, જ્યારે બક્ષીપંચ મોરચાના મહામંત્રી તરીકે પંકજ ચંદ્રકાંત રાણાને જવાબદારી સોંપવામાં આવી છે.
આ ઉપરાંત સ્થાનિક સ્તરે વોર્ડની કામગીરી વધુ સુદ્રઢ બનાવવા માટે વોર્ડ નંબર-૫ ના મંડળ પ્રમુખ તરીકે હર્ષભાઈ શેઠ અને વોર્ડ નંબર-૧૫ ના મંડળ પ્રમુખ તરીકે રુદ્રાક્ષભાઈ પંડ્યાની નવનિયુક્તિ કરવામાં આવી છે.

ભરૂચ સાયબર ક્રાઇમનો મોટો ધમાકો

'ઓપરેશન મ્યુલ હન્ટ ૨.0' હેઠળ બે આરોપીઓ ઝડપાયા, એક ફરાર

ખોટા દસ્તાવેજથી બેંક ખાતા ખોલી સાયબર ઠગાઈના નાણાંની હેરફેર કરનાર ગેંગનો પર્દાફાશ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.23
ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે રાજ્યવ્યાપી અભિયાન 'ઓપરેશન મ્યુલ હન્ટ 2.0' અંતર્ગત મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ખોટી ઓળખના આધારે બેંક ખાતા ખોલી સાયબર ઠગાઈના નાણાંની હેરફેર કરનાર બે આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે આ કૌભાંડમાં સંડોવાયેલો ત્રીજો આરોપી હાલ ફરાર છે. તેની શોધખોળ માટે પોલીસની ટીમો દોડી રહી છે.
પોલીસે ઝડપાયેલા આરોપીઓને એઝાઝ ઉર્ફે અલ્તાફખાન ઉર્ફે રોનક પઠાણ (રહે. મોનાપાર્ક, બાયપાસ રોડ, ભરૂચ) અને અફવાન ઉસ્માન કાની (રહે. મદિના પાર્ક, શેરપુરા રોડ, ભરૂચ) તરીકે ઓળખાવ્યા છે. બંને ભરૂચ શહેરના સ્થાનિક રહેવાસી છે.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ ફરજિયાત અને ખોટા દસ્તાવેજોના આધારે વિવિધ બેંકોમાં ખાતા ખોલાવ્યા હતા. આ ખાતાઓને અગાઉથી ખરીદેલા મોબાઈલ સિમકાર્ડ સાથે લિંક કરવામાં આવ્યા હતા. પછી આ 'મ્યુલ એકાઉન્ટ'નો ઉપયોગ ઓનલાઈન ઠગાઈથી મેળવેલા નાણાંને અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરીને તેના સ્ત્રોતને છુપાવવા માટે કરવામાં આવતો હતો. આ રીતે આરોપીઓ સાયબર ક્રાઈમની આવકને સફેદ કરતા હતા સાયબર ક્રાઈમ પોલીસે આરોપીઓ પાસેથી ડિજિટલ પુરાવા મેળવીને વધુ તપાસ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ પ્રકારના ખાતાઓ સાયબર ગુનેગારોની મોટી નેટવર્કિંગ સિસ્ટમનો ભાગ છે, જેના દ્વારા સામાન્ય નાગરિકોને ઠગીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવે છે.સાયબર ક્રાઈમ પોલીસે શહેરજનોને સાવચેત રહેવાની અપીલ કરી છે.

એડવોકેટે કલેકટરને લેખિત રજૂઆત

હીરાપોરમાં વાલીયા-ઝગડિયા રોડ પર સ્પીડબ્રેકર ન મુકાતાં ગ્રામજનોમાં ભારે રોષ

અગાઉ પણ રજૂઆત કરવામાં આવી હતી

(પ્રતિનિધિ) ભરૂચ, તા.23
વાલીયા-ઝગડિયા મુખ્ય મારવેલ ગામ હીરાપોર ખાતે અતિશય ઝડપે પસાર થતાં વાહનોના કારણે સ્થાનિક ગ્રામજનો, શાળાના વિદ્યાર્થીઓ અને રાહદારીઓને સતત અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. ગત તા.23/05/2026ના રોજ અહીં બનેલી એક ગંભીર ઘટનામાં એક વ્યક્તિએ જીવ ગુમાવતા આ વિસ્તારમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે, જોકે છતાં સ્પીડબ્રેકર મુકવાની કોઈ કાર્યવાહી થઈ નથી.
ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ માર્ગ પર પ્રાથમિક શાળા અને મંદિર આવેલ હોવાથી બાળકો અને વડીલોને રસ્તો પાર કરવામાં કફોડી હાલત ઉભી થાય છે. સ્થાનિક રહેવાસી તેમજ એડવોકેટ જયદીપસિંહ સુરેન્દ્રસિંહ ખેરે લેખિતમાં જીલ્લા કલેકટરને જણાવ્યું હતું કે, "આ બાબતે અગાઉ માર્ગ અને મકાન વિભાગ, ભરૂચને લેખિત રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ આજદિન સુધી કોઈ પગલાં લેવાયાં નથી, જેના કારણે ગ્રામજનોમાં રોષ અને અસંતોષ વ્યાપી રહ્યો છે." આ ઉપરાંત, ભવિષ્યમાં વધુ ગંભીર અકસ્માતો સર્જાવાની સંભાવનાને ધ્યાનમાં રાખી સ્થાનિકોએ જિલ્લા કલેક્ટર અને વિભાગીય અધિકારીઓને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે. ગ્રામજનોએ વિનંતી કરી છે કે સ્થળનું તાત્કાલિક નિરીક્ષણ કરી ગામ હીરાપોર પાસે યોગ્ય સ્થળે સ્પીડબ્રેકર મુકવામાં આવે, જેથી નિર્દોષ લોકોના જીવનું રક્ષણ થઈ શકે અને અકસ્માતોને અટકાવી શકાય.

વોકેશનલ સ્કીલ તાલીમ યોજનાઓ અંગે માહીતી અને માર્ગદર્શન આપવામાં આવ્યુ

થુવાવી ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાયો, ૮૨ ઉમેદવારોની પસંદગી

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી અને મોડેલ કરિયર સેન્ટર, વડોદરા તેમજ શ્રીમતી અંજુબેન આર પટેલ (સેલ્ફ ફાયનાન્સ) આઈટીઆઈ, થુવાવી, ડભોઈ દ્વારા શ્રીમતી અંજુબેન આર પટેલ (સેલ્ફ ફાયનાન્સ) આઈટીઆઈ, થુવાવી, તાલુકો ડભોઈ ખાતે તા ૨૩/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૩૦ કલાક થી ૨:૦૦કલાક સુધી રોજગાર અને એપ્રેન્ટીશ ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજવામા આવી.
આ ભરતી મેલામા વડોદરા જીલ્લાના સર્વીસ અને મેન્યુફેકચર સેકટરના ૧૩ નોકરીદાતા ઓ જુનિયર એન્જિનિયર, સેલ્સ એક્ઝ્યુકીટીવ, કેશીયર, પેકર, ટ્રેઇની, ગ્રુપ ક્રેડિટ ઓફિસર, ટર્નર ઓપરેટર, ફીટર, વેલ્ડર, મશીન

ઓપરેટર, મિગ વેલ્ડર, જેવી ૨૪૦ જગ્યાના ઈન્ટરવ્યુ માટે હાજર રહ્યા હતા. જેમા ૨૧૨ જેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા જેમાંથી ૮૨ ઉમેદવાર ની એપ્રેન્ટીશ અને રોજગાર માટે પ્રાથમિક પસંદગી કરવામાં આવી. અભ્યાસ માટે સેફ લીગલ માઈગ્રેશન અંગે તેમજ સ્વરોજગાર લોન સહાય યોજના અંગે, લશ્કરી ભરતી પુર્વેની ૩૦ દિવસની ફ્રી નિવાસી તાલીમ યોજના , સ્વરોજગાર લોન સહાય અને વોકેશનલ સ્કીલ તાલીમ યોજનાઓ અંગે માહીતી અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

માંગણી નોટિસ

એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ
CIN: U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસ: એડલવાઇસ હાઉસ, પહેલો માળ, ઓફ સી.એસ.ટી. રોડ, કલિના, મુંબઈ 400098

સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ("ધ એક્ટ")ની કલમ 13(2) હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3(1) સાથે વંચાણમાં લેતા માંગણી નોટિસ.
અહીં નીચે દર્શાવેલ એસાઇનર (સોંપણી કરનાર)એ નાણાકીય અસ્કયામતો (ફાઇનાન્સિયલ એસેટ્સ) એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપી છે, જે અહીં નીચે દર્શાવેલ વિવિધ ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકે અથવા પોતાના વતી કાર્ય કરે છે (ત્યારબાદ આ ઉલ્લેખ "EARC" તરીકે કરાયો છે). સિક્યોરિટીઝેશન એક્ટ (સરફેસી એક્ટ), 2002ની કલમ 5 હેઠળ એસાઇનમેન્ટ એગ્રીમેન્ટને અનુસરીને, EARCએ એસાઇનરનું સ્થાન લીધું છે અને લોન લેનાર દ્વારા મેળવવામાં આવેલી નાણાકીય સહાયના સંદર્ભમાં તમામ ગીરો મિલકત, ગેરંટી, ગીરોની સાથે એસાઇનરના નાણાકીય અસ્કયામતો અંગેના તમામ અધિકારો, માલિકી અને હિતો EARCમાં નિહિત (સ્થાપિત) થયા છે અને EARC સિક્યોર્ડ ક્રેડિટર તરીકે તેના તમામ અધિકારોનો પ્રયોગ કરે છે.
અધિકૃત અધિકારી (ઓથોરાઇઝ્ડ ઓફિસર), સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ ("EARC")ના અધિકૃત અધિકારી હોવાના નાતે આ કાયદાની કલમ 13(12) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, અધિકૃત અધિકારીએ કાયદાની કલમ 13(2) હેઠળ માંગણી નોટિસ જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ એસાઇનરના લોન લેનાર(ઓ)ને તેમને જારી કરાયેલી સંબંધિત માંગણી નોટિસમાં દર્શાવેલી રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે.
ઉપરોક્ત સંદર્ભમાં લોન લેનાર(ઓ)ને આ નોટિસના પ્રકાશનના 60 દિવસની અંદર, અહીં નીચે દર્શાવેલ રકમ, સદર માંગણી નોટિસમાં વિગતવાર જણાવ્યા મુજબના વધુ વ્યાજ સાથે, નીચે દર્શાવેલ તારીખથી ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, જે લોન કરાર અને સદર લોન લેનાર(ઓ) દ્વારા સહી કરાયેલા અન્ય દસ્તાવેજો/લખાણો હેઠળ ચૂકવવાપાત્ર છે, તે EARCને ચૂકવવા માટે આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય ચુકવણીની સુરક્ષા (જામીનગીરી) તરીકે, નીચેની મિલકત સદર લોન લેનાર(ઓ) દ્વારા અનુક્રમે EARC પાસે ગીરો રાખવામાં આવી છે.

અ. નં.	લોન ખાતા નંબર	ટ્રસ્ટનું નામ અને વેચાણ કરનાર સંસ્થા	લોન લેનાર/સહ-લોન લેનાર/ જામીનદારનું નામ	13(2) નોટિસ તારીખ અને 13(2) નોટિસ રકમ
1	PR0127 6552	SBFC ફાઇનાન્સ લિમિટેડ EARC TRUST-SC 472	1. કુસુમબેન રમેશભાઈ લીંબચીયા (લોન લેનાર) 2. રમેશભાઈ છગનભાઈ નાઈ (સહ-લોન લેનાર)	02-06-2026 અને રૂ. 20,88,293.96/- (રૂપિયા વીસ લાખ અઠ્યાસી હજાર બસો ત્રાણું અને છન્નુ પૈસા પૂરા) 02-06-2026ના રોજ સુધી.

સુરક્ષિત અસ્કયામતોની વિગતો (મિલકતનું શિડ્યુલ):- મોજે ગોરવા વડોદરા પાર્ટી, વડોદરા ખાતે આવેલી નોન-એગ્રીકલ્ચર પ્લોટની જમીનનો તમામ ભાગ અને હિસ્સો, જે જમીન સર્વે નંબર ૨૮૦, સિટી સર્વે નંબર ૩૮૫૦, ૩૮૫૧ જે "ગુજરાત હાઉસિંગ બોર્ડ" ટેનામેન્ટ નંબર ૮૫૦, કોલોની ૧૮૪ LIG તરીકે ઓળખાય છે, જેનું બાંધકામ ક્ષેત્રફળ (બિલ્ટ અપ એરિયા) ૨૦.૦૩ ચોરસ મીટર અને પ્લોટનું ક્ષેત્રફળ ૪૦.૦૦ ચોરસ મીટર છે, જે રજીસ્ટ્રેશન જીલ્લો અને સબ-જીલ્લો વડોદરા, જીલ્લો વડોદરા ખાતે આવેલ છે અને જેની સીમાઓ નીચે મુજબ છે: પૂર્વ: પાછળની ખુલ્લી જગ્યા અને ટેનામેન્ટ નં. ૮૫૨, પશ્ચિમ: રોડ, ઉત્તર: નજીકનું ટેનામેન્ટ નં. ૮૪૯, દક્ષિણ: નજીકનું ટેનામેન્ટ નં. ૮૫૧

જો સદર લોન લેનારાઓ ઉપરોક્ત દર્શાવ્યા મુજબ EARCને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો EARC આ કાયદાની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે આગળની કાર્યવાહી કરશે, જે સંપૂર્ણપણે સદર લોન લેનાર(ઓ)ના ખર્ચ અને પરિણામોના જોખમે રહેશે. લોન લેનારાઓને આ કાયદા હેઠળ EARCની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત અસ્કયામતો વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ પણ પ્રકારે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે. કોઈ પણ વ્યક્તિ જે આ કાયદા અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘન કરવા માટે પ્રેરિત કરે છે, તે કાયદા હેઠળ પ્રદાન કરાયેલ જેલની સજા અને/અથવા દંડ માટે પાત્ર રહેશે.
સ્થળ: ગુજરાત — અધિકૃત અધિકારી
તારીખ: 24.06.2026 — એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ વતી
Edelweiss Asset Reconstruction

એરપોર્ટ પરથી એક મહિનામાં કાર્ગો સેવા શરૂ થશે

આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ માટે કેન્દ્રને પત્ર લખાશે, એરપોર્ટ એડવાઈઝરી કમિટીની બેઠક મળી

કેન્દ્રએ વડોદરા સહિત 13 એરપોર્ટને લેન્ડિંગ-પાર્કિંગ ચાર્જમાં 100 ટકા રાહત આપી

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
વડોદરાના સાંસદ અને એરપોર્ટ એડવાઈઝરી કમિટીના ચેરમેન ડો. હેમાંગ જોશીની અધ્યક્ષતામાં હરણી એરપોર્ટ ખાતે કમિટીની બેઠક મળી હતી. જેમાં એરપોર્ટ ડાયરેક્ટર સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં એરપોર્ટના વિકાસ, મુસાફર સુવિધા વધારવા અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ કરવા અંગે ચર્ચા કરાઈ હતી.
સાંસદ અને એરપોર્ટ એડવાઈઝરી કમિટીના ચેરમેન ડો. હેમાંગ જોષીએ જણાવ્યું કે, રાજ્ય સરકારે આગામી બજેટમાં વડોદરા એરપોર્ટના વિકાસ માટે ખાસ બજેટ ફાળવ્યું છે. જમીન સંપાદન અને માળખાકીય સુવિધાઓ અંગે પણ ચર્ચા થઈ. મધ્ય ગુજરાતની ઈન્ડસ્ટ્રી માટે મહત્વના સમાચાર આપતા તેમણે કહ્યું કે એક મહિનામાં તમામ પ્રક્રિયા પૂર્ણ કરી હરણી એરપોર્ટથી કાર્ગો સેવા શરૂ કરાશે. ફાર્મા અને પાવર સેક્ટરનું હબ હોવાથી વડોદરાથી કાર્ગોની માંગ સતત વધશે. બેઠકમાં નક્કી કરાયું કે ડોમેસ્ટિક ફ્લાઈટમાં ચેન્નઈ-ગોવાની બંધ થયેલી ફ્લાઈટ આગામી શિડ્યુલમાં ફરી શરૂ કરવા એર ઈન્ડિયા અને ઈન્ડિગોને સૂચન કરાશે. આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને મુખ્ય એરલાઈન્સને વ્યક્તિગત પત્ર લખવાનો ઠરાવ કરાયો. સાંસદે સ્પષ્ટતા કરી કે વડોદરાથી આંતરરાષ્ટ્રીય ઉડાનમાં રન-વે કે સુવિધાનો કોઈ પ્રશ્ન નથી, એરક્રાફ્ટની અછતને કારણે વિલંબ થઈ રહ્યો છે. કેન્દ્રએ વડોદરા સહિત 13 એરપોર્ટને લેન્ડિંગ-પાર્કિંગ ચાર્જમાં 100 ટકા રાહત આપી છે.

કુલ- ૧૮,૭૧૯ બાળકોને પ્રથમ દિવસે શાળા પ્રવેશ કરાવાયો

વડોદરા જિલ્લામાં પ્રગતિનો પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૬નો પ્રારંભ

બેક ટુ સ્કુલ કાર્યક્રમ અંતર્ગત કુલ ૫૧૬ બાળકોનો પ્રવેશ સુનિશ્ચિત કરવામાં આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી સતત આયોજિત થતો 'પ્રગતિનો પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' માત્ર એક કાર્યક્રમ ન રહેતઆ શિક્ષણ પ્રત્યેની રાજ્ય સરકારની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. આ અભિયાન દ્વારા રાજ્ય સરકાર સહિત જિલ્લા તંત્ર વડોદરા દ્વારા દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણનો અધિકાર મળી રહે તેમજ કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે વ્યાપક પ્રયાસો કરવામાં આવે છે. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહેલા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬ અંતર્ગત જિલ્લાની વિવિધ શાળાઓમાં રાજ્ય કક્ષાના વરિષ્ઠ અધિકારીઓ, જનપ્રતિનિધિઓ તેમજ વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ દ્વારા સ્વયં હાજર રહી શાળા પ્રવેશોત્સવ સહિત વિવિધ કચેરીઓ અને શાળાઓની મુલાકાતો યોજવામાં આવી હતી. વડોદરા જિલ્લામા આજે તા.૨૩-૦૬-૨૦૨૬ના રોજ શ્રી મનીષાબેન વકીલ, મંત્રીશ્રી રાજ્ય કક્ષા, મહિલા અને બાળ વિકાસ દ્વારા વડોદરા તાલુકાની ઊંડેરા પ્રા. શાળા અને ઊંડેરા માધ્યમિક શાળા મુલાકાત કરવામાં આવી હતી. ડભોઈ તાલુકા ખાતે આજરોજ જયશ્રીબા ઝાલા, મહેસુલ વિભાગ, ગાંધીનગર દ્વારા થુવાવી કન્યા પ્રા. શાળા, થુવાવી કુમાર પ્રા. શાળા અને ડી. કે. પટેલ સાર્વજનિક હાઈસ્કુલની મુલાકાત લઈ તેઓના હસ્તે વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવવામાં આવ્યો હતો.

બરોડા ટેક્સ બાર એસો. દ્વારા વડોદરામાં મહત્વપૂર્ણ ટેક્સ સેમિનારનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
બરોડા ટેક્સ બાર એસોસિએશન દ્વારા ચાલુ વર્ષના આવકવેરા રિટર્નમાં થયેલા મહત્વના સુધારાઓ અને આગામી સમયમાં અમલી બનનારા ઈ-વે બિલના નવા કાયદાકીય ફેરફારો અંગે એક વિસ્તૃત સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વડોદરાના વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ટેક્સ પ્રેક્ટિશનર્સ, કરદાતાઓ અને વિવિધ કોર્પોરેટ ઓફિસરોના પ્રતિનિધિઓ સહિત આશરે ૨૩૦ જેટલા સભ્યોએ ઉત્સાહભેર હાજરી આપીને જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું. સેમિનારના પ્રથમ સત્રમાં જાણીતા ટેક્સ નિષ્ણાત સી.એ. પલક પાવગઢીએ ચાલુ વર્ષના આવકવેરા રિટર્નમાં કઈ-કઈ બાબતો અને વિગતો દર્શાવવી ફરજિયાત છે .

BAPS સ્વામિનારાયણ સંસ્થાના ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીનું અમેરિકામાં સન્માન

આવકવેરા રિટર્નમાં વિદેશી મિલકત છુપાવશો તો મુશ્કેલી વધશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
22 જૂન, 2026 ના રોજ વર્જિનિયા રાજ્યના રોનોક શહેરના મેયર શ્રી જોસેફ એલ. કોબ દ્વારા સત્તાવાર રીતે "પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી દિવસ" જાહેર કરવામાં આવ્યો છે. આ પ્રતિષ્ઠિત સન્માન પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીના મૂલ્યનિષ્ઠ જીવનશૈલી, ચારિત્ર્ય નિર્માણ, સમાજસેવા અને માનવકલ્યાણ માટેના પ્રેરણાદાયી યોગદાનની ઉજ્જવળ કદરરૂપ છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે રોનોક શહેરને આઠ વખત "ઓલ-અમેરિકા સિટી એવોર્ડ" પ્રાપ્ત થયો છે, જેના કારણે આ સન્માનનું મહત્વ અને ગૌરવ અનેકગણું વધી જાય છે.

મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ.

Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસ: યુનિટ નંબર ૧૯-એનઇ, ૧૯મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપા રેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩(૧) અન્વયે.
અધિહસ્તાક્ષરકર્તા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ઉક્ત કાયદો) હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ. (MHIL)ના અધિકૃત અધિકારી છે. ઉક્ત કાયદાની કલમ ૧૩(૨) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ મળેલ સત્તાની રૂએ, અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસો જાહેર કરી છે, જેમાં નીચે દર્શાવેલા લોનધારક/કો (ઉક્ત "લોનધારક")ને તેમની સામે જાહેર કરાયેલી સંબંધિત ડિમાન્ડ નોટિસ/સોમાં દર્શાવેલી રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે, જે નીચે મુજબ પણ આપેલ છે.
ઉપરોક્તના સંદર્ભમાં, ઉક્ત લોનધારકને આ નોટિસના પ્રકાશનથી ૬૦ દિવસની અંદર નીચે દર્શાવેલી રકમ, ઉક્ત ડિમાન્ડ નોટિસોમાં વિગતવાર જણાવ્યા મુજબ નીચે દર્શાવેલ તારીખોથી લઈને ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી ૨% પ્રતિ માસના વધુ વ્યાજ સાથે, જે લોન કરાર અને ઉક્ત લોનધારકો દ્વારા વસૂલાત પાત્ર અન્ય દસ્તાવેજો/લખાણો (જો કોઈ હોય તો) હેઠળ ચૂકવવાપાત્ર છે, તે MHILને ચૂકવવા માટે આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય પુનઃચુકવણીની સુરક્ષા તરીકે, ઉક્ત લોનધારકો દ્વારા અનુક્રમે નીચેની અસ્કયામતો (મિલકતો) MHIL પાસે ગીરો મૂકવામાં આવી છે.

ક્રમ નંબર	લોનધારક(ઓ)સહ-લોનધારક(ઓ)/ જામીનદારનું નામ/લોન એકાઉન્ટ નંબર/શાખા	કુલ બાકી લેણાં (રૂ.)	ડિમાન્ડ નોટિસની તારીખ	સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત)
1.	અંકુર અશોકભાઈ સોલંકી/દિવ્યા અંકુર સોલંકી/ VDO-NHL-000468/ વડોદરા	રૂ. ૧૦,૪૯,૪૭૭/- અંકે રૂપિયા દસ લાખ ઓગણપચાસ હજાર ચારસો સિત્યોતેર પૂરા	22-May-2026	મોજે ગામ વાસણા સૈયદ, જિ. વડોદરા, સબ ડિસ્ટ્રિક્ટ વડોદરાની રેવન્યુ સર્વે નંબર ૧૩૭, ટી.પી. સ્કીમ નંબર ૧૪, એફ.પી. નંબર ૫૭ વાળી જમીન પર આવેલી "ઈન્દિરાપાર્ક કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ." નો તમામ પ્લોટ અને મિલકતનો ભાગ જેનો હાઉસ પ્લોટ નંબર D/71, D-ટાઈપ છે, જેનું પ્લોટ ક્ષેત્રફળ આશરે ૩૩.૯૦ ચોરસ મીટર છે, જેનું બાંધકામ ક્ષેત્રફળ આશરે ૨૫.૭૨ ચોરસ મીટર છે, અને ઉક્ત મિલકતની સીમાઓ - પૂર્વમાં: મકાન નંબર D/72, ઉત્તરમાં: મકાન નંબર D/76, પશ્ચિમમાં: મકાન નંબર D/70, દક્ષિણમાં: ૬.૦૦ મીટર સોસાયટીનો રોડ.

જો ઉક્ત લોનધારકો ઉપરોક્ત જણાવ્યા મુજબ MHILને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો MHIL ઉક્ત સુરક્ષિત અસ્કયામતો સામે કાયદાની કલમ ૧૩(૪) અને લાગુ પડતા નિયમો હેઠળ આગળની કાર્યવાહી કરશે, જેની તમામ કિંમત અને પરિણામોનું જોખમ સંપૂર્ણપણે ઉક્ત લોનધારકોનું રહેશે. ઉક્ત લોનધારકોને MHILની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત અસ્કયામતોને વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ પણ રીતે સ્થાનાંતરિત કરવા પર કાયદા હેઠળ પ્રતિબંધ છે. કોઈ પણ વ્યક્તિ જે ઉક્ત કાયદા અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘન કરવા માટે પ્રેરિત કરે છે, તે કાયદા હેઠળ પ્રાવધાનિક જેલની સજા અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

તારીખ: ૨૪ જૂન, ૨૦૨૬ — સહી/- અધિકૃત અધિકારી,
સ્થળ: વડોદરા — મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત - ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

ખેતી વિષયક ફીડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના ભરૂચ અને નર્મદા જિલ્લા હેઠળ આવતા દરેક ૬૬ કેવી સબ સ્ટેશન ના ખેતી વિષયક ફીડરો માટે દ.ગુ.વી.કં.લિ. દ્વારા તા. ૨૪.૦૬.૨૦૨૬ થી નીચે જણાવેલ ગ્રુપ પ્રમાણે વીજ પુરવઠો આપવાના સમયમાં ૮ કલાક ને બદલે ૧૦ કલાક કરવામાં આવેલ છે.

જિલ્લાનું નામ	હાલના ગ્રુપનું નામ	હાલનો સમય	ફીડરોની સંખ્યા	અમલમાં આવતા ગ્રુપનો સમય
ભરુચ	ડીબી.૨	૦૫:૦૦ થી ૧૩:૦૦	૧	૦૫:૦૦ થી ૧૫:૦૦
	ડીબી. એસ ૧	૦૮:૦૦ થી ૧૬:૦૦	૮	૦૬:૦૦ થી ૧૬:૦૦
	ડીબી. એસ ૨	૦૮:૩૦ થી ૧૬:૩૦	૧૮	૦૬:૩૦ થી ૧૬:૩૦
	ડીબી. એસ ૩	૦૯:૦૦ થી ૧૭:૦૦	૧	૦૭:૦૦ થી ૧૭:૦૦
	ડીબી. કે ૧	૦૮:૩૦ થી ૧૬:૩૦	૧૩	૦૬:૩૦ થી ૧૬:૩૦
	ડીબી. કે ૨	૦૮:૩૦ થી ૧૬:૩૦	૯	૦૬:૩૦ થી ૧૬:૩૦
	ડીબીજી.	૦૭:૦૦ થી ૧૫:૦૦	૮૩	૦૬:૦૦ થી ૧૬:૦૦
	ડીબીજી. ૨	૦૮:૦૦ થી ૧૬:૦૦	૨	૦૭:૦૦ થી ૧૭:૦૦
	ડીએસજી.	૦૭:૦૦ થી ૧૫:૦૦	૩	૦૭:૦૦ થી ૧૭:૦૦
નર્મદા	ડીએનજી.	૦૭:૦૦ થી ૧૫:૦૦	૪૨	૦૭:૦૦ થી ૧૭:૦૦
	ડીએન.૧	૧૩:૦૦ થી ૨૧:૦૦	૭	૧૧:૦૦ થી ૨૧:૦૦
	ડીએન.૨	૦૫:૦૦ થી ૧૩:૦૦	૪	૦૫:૦૦ થી ૧૫:૦૦
	ડીએનકે.૧	૦૮:૩૦ થી ૧૬:૩૦	૧૪	૦૬:૩૦ થી ૧૬:૩૦
	ડીએનકે.૨	૦૮:૩૦ થી ૧૬:૩૦	૯	૦૬:૩૦ થી ૧૬:૩૦
	ડીટીકે ૧	૦૮:૦૦ થી ૧૬:૦૦	૧	૦૬:૦૦ થી ૧૬:૦૦

સદર ગ્રુપ પ્રમાણે વીજ પુરવઠાના સમયનો અમલ તા. ૨૪.૦૬.૨૦૨૬ થી ૦૦:૦૦ કલાક થી કરવામાં આવશે. ઉપર જણાવેલ ગ્રુપ પ્રમાણે ખેતી વિષયક ફીડરોની વિગત જે તે વર્તુળ/ વિભાગીય/ પેટા વિભાગીય કચેરીઓના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. જેની ખેતીવાડી વીજવપરાશ કરતાં ગ્રાહકોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.
વિશેષ મુખ્ય ઇજનેર (સી.એન્ડ આર.), દ.ગુ.વી.કં.લિ., સુરત

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી નો ઉપયોગ કરો અને વીજ અકસ્માતો ટાળો